# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કૃષિ રાહત પેકેજ હેઠળ અરજી કરવાની સમય મર્યાદા 5 ડિસેમ્બર સુધી લંબાવાઈ.**
2. **SIR ઝૂંબેશ અંતર્ગત અમદાવાદ શહેર-જિલ્લાના તમામ મત વિસ્તારોમાં આજે અને આવતીકાલે 50 સ્થળોએ વિશેષ કેમ્પ યોજાશે.**
3. **સોમનાથ કાર્તિકી પૂર્ણિમા મેળામાં સોમનાથ ઉત્સવનો પ્રારંભ.**
4. **ગત બે વર્ષમાં 13 લાખથી વધુ પ્રવાસીએ શિવરાજપુર દરિયાકિનારાની મુલાકાત લીધી**
5. **રાજ્યના 5 ખેલાડીઓની અંડર-19 એશિયા કપ માટે પસંદગી.**
6. **સૈયદ મુસ્તાક અલી T-20 ટુર્નામેન્ટમાં ગઈકાલે ગુજરાત, સૌરાષ્ટ્ર અને બરોડાનો પરાજય.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AGRICULTURAL RELIEF PACKAGE

ખેડૂતોના હિતમાં જાહેર કરાયેલા 10 હજાર કરોડના કૃષિ રાહત પેકેજ હેઠળ અરજી કરવાની સમય મર્યાદા 5 ડિસેમ્બર સુધી લંબાવાઈ.

ઉલ્લેખનીય છે કે, તાજેતરના કમોસમી વરસાદના પરિણામે અનેક ખેડૂતોના ઊભા પાકને થયેલા વ્યાપક નુકસાન સામે રાજ્ય સરકારે 10 હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. આ કૃષિ રાહત પેકેજનો ખેડૂતો લાભ મેળવી શકે તે માટે ગત તા. 14 નવેમ્બરથી જ 15 દિવસ માટે ઓનલાઇન અરજી પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

કોઇપણ નુકશાનગ્રસ્ત ખેડૂત આ સહાયથી વંચિત ન રહી જાય તે માટે કૃષિ વિભાગ દ્વારા પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની સમય મર્યાદા વધુ સાત દિવસ એટલે કે, આગામી 5 ડિસેમ્બર સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ રાજ્યમાં હજુ પણ જે નુકશાનગ્રસ્ત ખેડૂતોએ સહાય મેળવવા માટે અરજી કરવાની બાકી હોય, તેવા તમામ ખેડૂતોને આ સાત દિવસમાં અરજી કરવા અપીલ કરી છે.

---

# SIR KAMGIRI

**SIR** ઝૂંબેશ અંતર્ગત અમદાવાદ શહેર-જિલ્લાના તમામ મત વિસ્તારોમાં આજે અને આવતીકાલે એન્યુમરેશન ફોર્મ જમા કરાવવા માટે ૫૦ સ્થળોએ વિશેષ કેમ્પ યોજાશે.

મતદારો આજે બપોરે 12થી સાંજે 5 અને આવતીકાલે સવારે 10 થી સાંજે 5 વાગ્યા દરમિયાન વિશેષ કેમ્પનો લાભ લઈ શકાશે. જેને લઈ અમદાવાદના કલેક્ટર સુજીત કુમાર વધુ માહિતી આપી રહ્યા છે.

## બાઈટ - અમદાવાદ કલેક્ટર

ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હેઠળ ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. **2025**ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં **100** ટકા ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. આ કામગીરીમાં **89.28 %** ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે.

---

## C R PATIL ON SIR

ચૂંટણી પંચ દ્વારા **SIR**નાં ફોર્મ વિતરણ કરી એને ભરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે તમારું નામ મતદાર યાદીમાં આવે એ ખૂબ જરૂરી છે. તમે આ દેશનાં નાગરિક છો અને તમને મતદાનનો અધિકાર છે. તેમ તમામ મતદારોને અપીલ કરતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આ મુજબ જણાવ્યું.

## બાઈટ – સી.આર.પાટીલ

---

# WELCOME CEREMONY

પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ધરમપુર ખાતે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ભારતના યુવાનોમાં કૌશલ્ય ,નવીનતા અને સખત મહેનત એમ આ ત્રણેય ગુણો અને ક્ષમતા છે એમ જણાવી આપણો યુવાન સ્કીલ, વિલ અને ઝિલના બળે પથ્થરમાંથી પાણી કાઢી શકવા સમર્થ છે એમ ગૌરવથી કહ્યું હતું. તેમણે કહ્યું કે અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં છેલ્લા બે દસકમાં શિક્ષણ, સુવિધાઓ, યોજનાઓ અને આર્થિક ગતિવિધિઓનો વ્યાપ નિરંતર વધી રહ્યો છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે તાલીમાર્થી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

---

# SOMNATH FESTIVAL

સોમનાથ કાર્તિકી પૂર્ણિમા મેળામાં ગઇકાલે સોમનાથ ઉત્સવનો પ્રારંભ થયો છે.

સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી અને પૂર્વ સચિવ પી.કે.લહેરીએ ગઇકાલે મોડી સાંજે આ ઉત્સવનો પ્રારંભ કરાવ્યો હતો .

કલા અને સંસ્કૃતિના આ અલૌકિક ઉત્સવમાં ગણેશ વંદના, શિવસ્તોત્રમ્, મેર રાસ સહિતની અદભૂત પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત સાંસ્કૃતિક

**કાર્યક્રમો તથા વિવિધ રાસ ગરબા જેવા કે ટિપ્પણી, ડાંગી નૃત્ય, મણિયારો રાસ સહિતના લોક નૃત્યોની પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.**

**દરમિયાન સોમનાથ કાર્તિકી પૂર્ણિમા મેળો બીજા દિવસે ભક્તોથી છલકાયો હતો. મેળાના ગઇકાલે બીજા દિવસે 2 લાખ થી વધુ સેહલાણીઓ ઉમટ્યા હતા. લોકોએ હસ્તકલા, રાચરચીલું, ફૂડ માર્કેટ, જેલના ભજીયા, કલા સાધના સાથે મેળાના પરંપરાગત અને આધુનિક બંને પ્રકારના મનોરંજન મેળવ્યા હતા.**

**વિવિધ રાઇડ્સ, , પંચદેવ મંદિર, કલ્પ વૃક્ષ, વેણી, તુલસી સહિતના સેલ્ફી પોઇન્ટ, જેવા પ્રદર્શનોએ લોકોમાં વિશેષ આકર્ષણ જગાડ્યું હતું .**

## SHIVRAJPUR BEACH

દેવભૂમિદ્વારકાથી 12 કિલોમીટર દૂર આવેલા શિવરાજપુર દરિયાકિનારાની ગત બે વર્ષમાં 13 લાખથી વધુ પ્રવાસીએ મુલાકાત લીધી. શિવરાજપુર ભારતના બ્લૂ ફ્લેટ બીચ એટલે કે, પર્યાવરણ અને પ્રવાસની સાથે દરિયાઈ જીવો માટે પણ મહત્વનું અને લાભદાયક સ્થળની યાદીમાં સામેલ છે. સાંભળીએ એક અહેવાલ.

## (V/C – AJAY INDREKAR)

*(.....આંતર-રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામનાર શિવરાજપુર દરિયાકિનારો સ્થાનિક અને આંતર-રાષ્ટ્રીય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપીને તે રાજ્યના આર્થિક વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે. ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ મુજબ , વર્ષ 2020માં બ્લૂ ફ્લેગ બિચ પ્રમાણપત્ર મળ્યા બાદ શિવરાજપુર દરિયાકિનારો ભારતના બ્લૂ ફ્લેગ બીચની યાદીમાં સામેલ થયો છે. પાણીની ગુણવત્તા, પર્યાવરણની જાળવણી, સુરક્ષા અને સેવાઓને આવરી લેતા 32 માપદંડના આધારે આ પ્રમાણપત્ર અપાય છે. આગામી જાન્યુઆરી મહિનામાં રાજકોટમાં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCમાં પણ શિવરાજપુર જેવા પ્રવાસન આકર્ષણને ઉજાગર કરાશે.*

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)

---

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# CRICKET UNDER-19

રાજ્યના પાંચ ખેલાડીઓની અંડર-19 એશિયા કપ માટે પસંદગી કરાઇ છે.

BCCIએ અંડર-19 એશિયા કપ માટે 15 સભ્યોની ભારતીય ટીમની જાહેરાત કરી છે. જેમાં ગુજરાતના વેદાંત ત્રિવેદી, હેનીલ પટેલ અને ખીલન પટેલ તથા સૌરાષ્ટ્રના હરવંશ પંગાલીયા અને યુવરાજ ગોહિલ નો સમાવેશ કરવામાં આવ્યો છે

ઉલ્લેખનીય છે કે , આ એશિયા કપ ટુર્નામેન્ટ 12થી 21 ડિસેમ્બર દરમિયાન દુબઈમાં રમાશે.

---

## T-20 TOURNAMENT

સૈયદ મુસ્તાક અલી T-20 ટુર્નામેન્ટમાં ગુજરાતનો બંગાળ સામે , સૌરાષ્ટ્રનો ઉત્તરાખંડ સામે અને બરોડાનો પુંડુંચેરી સામે પરાજય થયો છે.

ગુજરાત અને બંગાળ વચ્ચેની મેચમાં ગુજરાતના 127 રનના જવાબમાં બંગાળે 18.5 ઓવરમાં 130 રન કરતા તેની જીત થઈ હતી.

સૌરાષ્ટ્ર ઉત્તરાખંડ વચ્ચેની મેચમાં સૌરાષ્ટ્રે 183 રન કર્યા હતા , જવાબમાં ઉતરાખંડે નવ બોલ બાકી હતા, ત્યારે લક્ષ્યાંક પૂરો કરતાં તેની જીત થઈ હતી.

બરોડા પુંડુંચેરી વચ્ચેની મેચમાં પુંડુંચેરીએ આપેલા 166 રનના લક્ષ્યાંક સામે બરોડાની ટીમ 18.5 ઓવરમાં 149 રનમાં ઓલ આઉટ થતાં તેની હાર થઈ હતી.

---

## POLICE HOCKEY CHAMPIONSHIP

74મી ઓલ ઇન્ડીયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ રાજકોટમાં યોજાશે.

રાજકોટ શહેર પોલીસ દ્વારા આયોજીત હોકી ચેમ્પિયનશિપ આગામી 4 ડિસેમ્બરથી 15 ડિસેમ્બર સુધી રાજકોટના મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે યોજાશે.આ ચેમ્પિયનશિપનો મુખ્ય હેતુ ભારતના તમામ રક્ષા સંબધિત દળો સ્પોર્ટસ ક્ષેત્રે પણ અગ્રેસર રહે તેવો છે.

હાલ, ભારતના 13 રાજ્યોની પોલીસ અને પેરા મિલેટ્રી ફોર્સના પુરુષની 18 ટીમ અને મહિલાની 7 ટીમોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે ઉત્તર પ્રદેશની પોલીસ ફોર્સ અને **B.S.F.**ના જવાનો રાજકોટ ખાતે આવી પહોંચ્યા છે.

3 ડિસેમ્બર સુધી ગુજરાત , ઓડિશા, પંજાબ, રાજસ્થાન, મણિપુર, મધ્યપ્રદેશ, **I.T.B.P.**, કર્ણાટક, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ , છત્તીસગઢ, **C.R.P.F., C.I.S.F., S.S.B.**ના જવાનોનું પણ આગમન થશે.

---

## GUJARAT COLD

રાજ્યભરમાં ઠંડીનો માહોલ ધીમો પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં  તાપમાનમાં વધુ ફેરફાર નહીં થાય. હાલ પવનની દિશા દક્ષિણ પૂર્વથી પૂર્વની છે. હાલ તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાઈ રહ્યું છે. બે દિવસ બાદ તાપમાન ફરી ઘટશે. ફરી ઉત્તર પશ્ચિમી પવન શરૂ થશે અને તાપમાન ઘટશે.

અમદાવાદના લઘુતમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા પાંચ દિવસમાં તાપમાન પાંચ ડિગ્રી જેટલું વધી જતા ઠંડીનો અનુભવ થતો નથી. 13.8 ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. ભૂજમાં 16 , રાજકોટમાં 18, અમરેલીમાં 19.2, ગાંધીનગરમાં 20.8, ભાવનગરમાં 21 ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

---